# CBT (Computer Based Test) – રાજ્ય હજ નિરીક્ષક (SHI) હજ – 2026 (1447 હિજરી)

## ઉમેદવારો માટે માર્ગદર્શિકા અને સૂચનાઓ

---

**હજ – 2026 (1447 હિ.) માટે સ્ટેટ હજ ઈન્સ્પેક્ટર્સની પસંદગી માટેના CBT આપવા પાત્રતા ધરાવતા ઉમેદવારો (યાદી HCoI વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે)ને નીચે દર્શાવેલી માર્ગદર્શિકા અને સૂચનાઓ મુજબ મૉક ટેસ્ટ અને CBT આપવા સલાહ આપવામાં આવે છે.**

| | મોક ટેસ્ટ શેડ્યૂલ (પ્રેક્ટિસ ટેસ્ટ) | CBT (કોમ્પ્યુટર બેઝ્ડ ટેસ્ટ) શેડ્યૂલ |
|---|---|---|
| તારીખ: | **27.11.2025** | **29.11.2025** |
| લોગિન સમય: | **સવારે 10:00 થી સાંજે 05:00 દરમિયાન** | **સવારે 10:15 AMથી 11:00 AM સુધી** |
| ટેસ્ટ સમય: | **સવારે 10:00 થી સાંજે 05:00 દરમિયાન** | **11:00 AM થી 01:00 PM** |

### URL અને લોગિન ક્રેડેન્શિયલ્સ

- **મોક ટેસ્ટ/CBT URL: https://hajexam.eklavvya.com**
- **યુઝરનેમ અને પાસવર્ડ: ઈમેલ no-reply@eklavvya.com પર થી અને મોબાઈલ SMS દ્વારા મોકલવામાં આવશે.** ***પ્રોવિઝનલી એલિજિબલ ઉમેદવારો (HCoI વેબસાઈટ પર ઉપલબ્ધ યાદી મુજબ) એ પોતાના સ્પામ મેઈલ પણ તપાસવા.(જો ઈમેઈલ મળે ના તો)***

---

### પ્રાથમિક આવશ્યકતાઓ (લોગિન કરતા પહેલાં)

1. **માન્ય ID પ્રૂફ: આધાર / મતદાર ઓળખ-કાર્ડ / ડ્રાઈવિંગ લાઇસન્સ / પાન કાર્ડ / પાસપોર્ટ**
2. **ડિવાઈસ: Windows ડેસ્કટોપ / લેપટોપ / ટેબ્લેટ / Android સ્માર્ટફોન (*MacOS, iOS અને બીજા તમામ ઓપરેટિંગ સિસ્ટમ સપોર્ટેડ નથી.)*)**
3. **વેબકેમ અને માઈક્રોફોન: તમામ ડિવાઈસમાં ફરજિયાત**
4. **ઈન્ટરનેટ: સ્થિર કનેક્શન (ન્યૂનતમ 5 Mbps)**
5. **બ્રાઉઝર: લેટેસ્ટ ગૂગલ ક્રોમ (અન્ય કોઈ બ્રાઉઝર સપોર્ટેડ નથી)**
6. **પરિસર: શાંતિપૂર્ણ, પૂરતી લાઈટવાળું રૂમ; અન્ય કોઈ વ્યક્તિ હાજર ન હોવી જોઈએ**

---

### સિસ્ટમની આવશ્યકતાઓ (ડેસ્કટોપ/લેપટોપ માટે)

1. **ઓપરેટિંગ સિસ્ટમ: Windows 8 અથવા તેના પછીના વર્ઝન**
   ***Mac/Linux અને અન્ય OS સપોર્ટેડ નથી***
2. **RAM: ઓછામાં ઓછું 2 GB**
3. **બ્રાઉઝર: લેટેસ્ટ ગૂગલ ક્રોમ**
4. **કેમેરા અને માઈક: ચાલુ હોવા જોઈએ**
5. **ઈન્ટરનેટ સ્પીડ: ઓછામાં ઓછી 5 Mbps**
6. **કેમેરા એક્સેસ: Chrome દ્વારા પૂછવામાં આવે ત્યારે Allow કરવું**
7. **સતત વીજ પુરવઠો સુનિશ્ચિત કરો**

**સ્માર્ટફોન માટે (માત્ર એન્ડ્રોઈડ)**

1. આગળનો કેમેરા અને માઈક કાર્યરત હોય તેવી મોબાઈલ ફોનનો ઉપયોગ કરો.
2. ડિવાઈસ સંપૂર્ણ ચાર્જ્ડ હોવું જોઈએ.
3. કેમેરા પરમિશન આપો: Settings → Apps → Chrome → Permissions → Allow Camera
4. માત્ર નવીનતમ Google Chrome નો ઉપયોગ કરો (Play Store દ્વારા અપડેટ કરો).
5. તમામ સૂચનાઓ (Notifications) અને આવતી કોલ્સ બંધ રાખો જેથી પરીક્ષા આપમેળે બંધ ન થઈ જાય.
6. વેબકેમ/ફ્રન્ટ કેમેરા https://assessment.eklavvya.com/student/webcamtest ટેસ્ટ કરી શકાશે (માત્ર Chrome બ્રાઉઝરમાં)

**ખાસ નોંધ – ગુજરાત રાજ્ય હજ સમિતિ તરફથી દરેક ઉમેદવારને ટેકનિકલ સમસ્યા તથા પરીક્ષામાં અડચણ ઊભી ન થાય તે માટે લેપટોપ અથવા કોમ્પ્યુટર(વેબકેમ-માઈક્રોફોન સાથે) વાપરવા સલાહ આપવામાં આવે છે.**

**મહત્વપૂર્ણ સૂચનાઓ (પરિક્ષા પહેલા અને દરમિયાન)**

1. શાંતિપૂર્ણ, અવરોધ-મુક્ત અને સારી રીતે પ્રકાશિત રૂમમાં બેસો. તમારી આસપાસ અન્ય કોઈ વ્યક્તિ ન હોવી જોઈએ.
2. તમને Email/SMS દ્વારા મળેલા User ID અને Password નો ઉપયોગ કરીને લોગિન કરો.
3. કોઈપણ પુસ્તકો, નોટ્સ અથવા બીજા ઉપકરણો (devices)નો ઉપયોગ સંપૂર્ણપણે મનાઈ છે.
4. Earphones / Headphones / Airpods નો ઉપયોગ કડકપણે પ્રતિબંધિત છે.
5. પરિક્ષા દરમિયાન તમારો માઈક્રોફોન અને વેબકૅમ ચાલુ રહેવાનો રહેશે.
6. પરિક્ષા દરમ્યાન windows/tab બદલશો નહીં, નહિ તો પરીક્ષા આપમેળે બંધ થઈ શકે છે.
7. પ્રોક્ટર (પરિક્ષક) તમારી ચકાસણી માટે પરીક્ષા દરમિયાન તમને સંપર્ક કરી શકે છે.
8. જો ઈન્ટરનેટમાં તાત્કાલિક સમસ્યા થાય, તો રાહ જુઓ અને કનેક્શન આવતાં ફરી ચાલુ કરો.
9. પરીક્ષા નિશ્ચિત સમયમાં જ શરૂ થશે — સમય પહેલા લોગિન કરી લો.

---

**પરીક્ષા પેટર્ન (માર્કિંગ સિસ્ટમ)**

- ટેસ્ટ કુલ 150 માર્ક્સ નો રહેશે, જેમાં 50 Multiple Choice Questions (MCQ) હશે:
  - 25 fact-based questions – જે દરેક questionનાં 2 માર્ક રહેશે, નેગેટીવ માર્કસ નથી.
  - 25 situation/case-based questions – જે દરેક questionનાં 4 માર્ક રહેશે, નેગેટીવ માર્કસ નથી
- ભાષા વિશે
  - પ્રશ્નો English અને Hindi બંને ભાષામાં ઉપલબ્ધ રહેશે. ઉમેદવાર કોઈ પણ ભાષામાં પરીક્ષા આપી શકે છે અને પરીક્ષા દરમિયાન ભાષા બદલી પણ શકે છે.
  - ઉમેદવારો પ્રશ્નોને પોતાની ઈચ્છા મુજબ કોઈ પણ ક્રમમાં ખોલી અને attempt કરી શકે છે.

---

**મહત્વપૂર્ણ**

કોઈપણ પ્રકારની નકલ, ગેરવર્તન અથવા પ્રોક્ટરની સૂચનાઓનું પાલન ન કરવાથી અપાત્ર ઠરાવી પરીક્ષા બંધ કરી દેવામાં આવશે.

**- ગુજરાત રાજ્ય હજ સમિતિ, ગાંધીનગર**